# એ. જી. હાઈસ્કૂલ અને જી. એન્ડ ડી. પરીખ હાયર સેકન્ડરી સ્કૂલ

નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.


## દ્વિતીય પ્રિલિમનરી પરીક્ષા - ૨૦૧૦-૧૧

| | | |
|---|---|---|
| તારીખ : ૦૫-૦૨-૧૧ | ધોરણ : ૧૨ | ગુણ : ૧૦૦ |
| વાર : શનિવાર | વિષય : ગુજરાતી (એફ.એલ.) | સમય : ૩ કલાક |

### વિભાગ - અ

**નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો.** (૦૪)

૧. 'અનહલકર' એટલે શું ?

૨. નવવધું પોતાની હઠ ક્યારે છોડે છે ?

૩. રાજા બ્રહ્મદત્તે આશંકાનું નામ પદ્મિની શાથી વિચાર્યું હતું ?

૪. કવિનો જીવ ક્યારે નિરાંત અનુભવે છે ?

**નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો.** (૦૪)

૫. 'કંકૂના સૂરજ આથમ્યા' એમ કવિ શા માટે કહે છે ?

૬. રાજાની દૃષ્ટિએ સત્યનું શું મહત્વ છે ?

**નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો.** (૦૮)

૭. "ગોરમાને પાંચે આંગળીએ પૂજ્યા" ગીતમાં કવિએ નાયિકાની વેદનાને કઈ રીતે વ્યક્ત કરી છે ?

૮. "આશંકા" કાવ્યનું વક્તવ્ય સ્પષ્ટ કરો.

<u>અથવા</u>

અંધજનની ખુમારીનું વર્ણન કરો.

**નીચેની કાવ્યપંક્તિઓ વાંચી, સમજીને આપેલ પ્રશ્નોના ઉત્તર લખો.** (૦૪)

સમા સમાના દઈ સંદેશા લ્હેરખી
　　અડક્યોનો સાચવે સંબંધ !
ટેરવાને તાજી કૈ ફુટી તે નજરુંના
　　અનુભવની દુનિયા અમારી ?

<u>પ્રશ્નો :-</u>

૯. લ્હેરખીને અડવાથી અંધજનને શેની જાણ થાય છે ?

૧૦. અંધજનનાં ટેરવા વિશે કવિ શી કલ્પના કહે છે.

૧૧. અંધજનને નજરુના અનુભવની દુનિયા અમારી એમ ક્યારે લાગે છે ?

૧૨. અહી પ્રજ્ઞાચક્ષુએ કઈ ઈન્દ્રિયનો મહિમા દર્શાવ્યો છે ?

**નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** (૦૪)

૧૩. ભવનાકાકા માટે નવો ખેલ કયો હતો ?

૧૪. હરિયાની મા એને રોજ શું કહ્યા કરતી ?

૧૫. ડોશીના દિલમાંથી કઈ વાતનો ડંખ મરણ સુધી ગયો નહિ ?

૧૬. મારું બાળપણનું વનના લેખક કોને રંગના જાદુગર તરીકે ઓળખાવે છે ?

*(પાછળ જુઓ)*

**નીચે આપેલ પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્ત્ર લખો.** (૦૪)

૧૭. હરીધરની શ્રેષ્ઠ શિલ્પકૃતિઓની સ્થિતિ કેવી હતી ?

૧૮. ગાંધીજીને સત્યરૂપી મોતી શોધતા મરજીવા શી રીતે કહેશો ?

**નીચે આપેલ પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.** (૦૮)

૧૯. મનુભાઈ ગુગલીનો ક્રિકેટપ્રેમ વર્ણવો.

૨૦. 'ઝકાળ જેવા અણદીઠ' શીર્ષકની યર્થાથતા લખો.

<u>અથવા</u>

ભવાન ભગત બાળકોને નિર્ભયતાના પાઠ શી રીતે શીખવતો ?

**નીચે આપેલા પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** (૦૨)

૨૧. ડીમલાઈટ એકાકીના લેખકનું નામ લખો.

૨૨. ધૂમકેતુની કઈ વાર્તાને વિશ્વકથાએ થયેલા વાર્તા સંચયમાં સ્થાન મળ્યું હતું ?

૨૩. માતાનું સ્મારક પાઠનો પ્રકાર જણાવો.

૨૪. કરુણાનું પાત્ર કયા પઠામાં આવે છે.

**નીચેની ઉક્તિઓ કોણ બોલે છે અને કોને કહે છે ?** (૦૨)

૨૫. "ના રે ના" ભૂલે ચકે એવું કરતા.

૨૬. ધીર ધરીએ ? રાજવી ? જરાધીર આવશે આવશે ત્યાં બેસણહારી આવશે.

<u>**વિભાગ - બ**</u>

**નીચે આપેલા વાક્યો લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ વાક્ય સુધારી ફરથી લખો.** (૦૨)

૨૭. યુદ્ધમાં લડતાં-લડતાં સૈનિક ગવાયો.

૨૮. જિવન જરાય શરળ નથી બેટા ?

**નીચે આપેલા પ્રત્યયો ખોટા વપરાયા હોય તો સુધારીને ફરીથી લખો.** (૦૧)

૨૯. પોતાનું લોહી રેડનારાથી મને કંસુબીનો રંગ પાયો.

**નીચે આપેલા વાક્યોમાંથી સંયોજકો શોધીને લખો.** (૦૧)

૩૦. જોહું વિદેશ જાઉ તો મારું દેવું ભરપાઈ થાય.

**નીચે આપેલા સમાનાર્થી શબ્દો શોધીને સામસામે લખો. (ગમે તે ચાર)** (૦૨)

| | | | |
|---|---|---|---|
| ૩૧. | ઈશ | અનલ | સુધા |
| ૩૨. | અહંકાર | અનાદર | હરિ |
| ૩૩. | અમૃત | અમી | ઉપેક્ષા |
| ૩૪. | અગ્નિ | ગર્વ | હુતાશન |
| ૩૫. | અપમાન | પ્રભુ | દર્પ |

*(સામે જુઓ)*

**નીચે આપેલા રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ આપી વાક્ય સુધારી ફરીથી લખો. (ગમે તે ચાર)** (૦૨)

૩૬. કુટુંબનું હિત જાળવવું તે ધર્મ છે.
૩૭. સતીનો કશો અપરાધ નથી.
૩૮. બારીમાં આવી આકાશનું સુંદર પક્ષી બેસે છે.
૩૯. મગન વાયરો જોડવાનો અનુભવી હતો.
૪૦. નરસિંહ મહેતા ચિત જાગૃત છે.

**નીચે આપેલ શબ્દ સમૂહ માટે એક એક શબ્દ લખો. (ગમે તે ચાર)** (૦૨)

૪૧. મનુષ્ય વિનાનું
૪૨. નદીકાંઠાનું રેતાળ જમીન
૪૩. કેળના થાંભલા
૪૪. નિશ્ચય બદલ્યા કરે તેવું
૪૫. જેનું કોઈ નામ નથી તે

**નીચે આપેલા તળપદા શબ્દોનું શિષ્ટ રૂપ આપો.** (૦૧)

૪૬. કુણ ૪૭. પલ્લો

**નીચે આપેલા રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ લખો.** (૦૨)

૪૮. ઠેસે ચડવું ૪૯. ફુફાડો મારવો

**નીચે આપેલ શબ્દોની જોડણી સુધારી ફરીથી લખો. (ગમે તે બે)** (૦૧)

૫૦. હીમાળો ૫૧. ગીરીશૃંગ ૫૨. ધુમટ

**નીચે આપેલા વાક્યોને પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ ગોઠવીને ફરીથી લખો. (ગમે તે બે)** (૦૨)

૫૩. માર્બલ-રોક્સ જોવા કરતાં નૌકાવિહાર કરતાં એ જીંદગીનો લહાવો છે.
૫૪. ઉતર ગુજરાત ગામનો રામું એક વતની છે.
૫૫. મેં નિર્ણય તો જવાનો પછી જ કરી નાખ્યો.

**નીચે આપેલા વાક્યોને સાદા વાક્યો રૂપે છૂટા પાડી ફરીથી લખો. (ગમે તે બે)** (૦૨)

૫૬. ખેતરના ધણી આપણને અધમુઆ કરે ને આપણે બેઠાબેઠા રડીએ.
૫૭. હું એકલો રોજ બગીચે જતો પણ એ સમયે તેઓ અચૂક આવી.
૫૮. એક ખાટલો ડગમગતો હતો એટલે એક ઈંટ વપરાતી હતી.

**નીચે આપેલા વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યો રૂપે ફરીથી લખો. (ગમે તે બે)** (૦૨)

૫૯. નિકુંજનું એ તરફ ધ્યાન ગયું. ને અકેદમ અટકીને બોલી ઉઠ્યો.
૬૦. તેનો ખ્યાલ આવ્યો હું નિર્મમ હત્યાના ઈરાદે જાઉ છું.
૬૧. દેવસેવાનું પુણ્ય હશે, આ છાકરા પણ સારા ઉઠશે.

(પાછળ જુઓ)

## વિભાગ - ક

**નીચેના ગદ્યખંડ ધ્યાનથી વાંચી આપેલ પ્રશ્નોના ઉત્તર લખો.** (૦૫)

મિત્રો, વૃક્ષો તો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાના ફળ આપે છે. પરોપકારી, મનુષયો એવાજ હોય છે. જો આપણી આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકરાર્થ ન થવાનો હોય તો તેની ઉપયોગી શી ? સુખડ જેમ જેમ વધારે ઘસાય તેમ તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ જેમ વધારે પીલાય તેમ તેમ વધારે રસ આપે છે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો ત્યજતા નથી. જગત તેમની સ્તુતિના કરે કે ન કરે તેઓ શ્રીમંત હો કે ગરીબ હો, તેઓ અલ્પાયું હો કે દીર્ધાયું હો તેઓ ગમે તે સ્થિતિમાં હો, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થશે નહી. જે બીજાને માટે જીવતો નથી. તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા-કૂતરાનું જીવન જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથેર છે. તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.

**પ્રશ્નો :-**
૬૨. જીવવા ખાતર જીવવાને લેખકે શું કહ્યું છે ?
૬૩. પરોપકારી મનુષ્યોને વૃક્ષો જેવા કેમ કહ્યા છે ?
૬૪. નિરર્થક જીવન કોને કહેવાય ?
૬૫. સુખડ, શેરડી અને સોનું મનુષ્યને શો બોધ આપે છે.
૬૬. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**નીચેનું કાવ્ય વાંચી આપેલ પ્રશ્નના ઉત્તર તમારી ભાષામાં લખો.** (૦૫)

મને તારા અંગે મન મહી હતો ખ્યાલ જ જુદો
મને તો એવું કે કંઈ કંઈ હશે જો તુ તુજને ?
હશે જો તા તારે ! સુઘડ ઘર, પરસાળ, ફળિયું
ફળી માંહી ઝૂલો, ઋતું ઋતુ તણા થાક નવલા
પછી તે વાડામાં, તુલસી - લચતા આગળ મહી
બગીચામાં બે થી ત્રણ, ઝૂલતી આરામ ખુરશી
પેર સ્નેહી મિત્રો, વિરલ જગ સાહિત્ય ઉભર્યા
કબાટો દિવાલે પ્રકૃતિ - ચિતરો, બુદ્ધ ઈસુ ને,
મહાત્માના શિલ્પો, ત્રિપેટી સ્થિત પેલી કવિત્રયી ?
પરંતુ જયારે મેં ઉલળી ઉલળી ભાષાણ કર્યા
સભાઓમાં ત્યારે લડ્યું, ન કશું આમાનું તુ રહે,
ચહે તું તો રોટી વસરત, રહેઠાણ ફક....ત
અરે, તો તો તારી જરૂરત ઘણી ઓછી ભાઈલા ?
તને સરકારે તે આપવી ત્રણેય ચીજ ઘટે ?

**પ્રશ્નો :**
૬૭. કવિના મનમાં શો ખ્યાલ હતો ?
૬૮. આ કાવ્ય કવિએ કોને ઉદ્દેશીને લખ્યું છે ?
૬૯. અંતે કવિએ કયું સત્ય તારવ્યું છે ?
૭૦. કવિની કલ્પના પ્રમાણે સામાન્ય માનવીને શું શું જોઈતું હોય છે.
૭૧. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**૭૨. નીચેના ગદ્યખંડનું આશરે ૧/૩ ભાગમાં સંક્ષેપીકરણ કરો અને યોગ્ય શીર્ષક આપો.** (૦૫)

મેં નાનપણથી જોયું છે કે સત્યની કિંમત સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી, સત્ય શોધવું તે મનુષ્ય ને માટે સહજ છે. સત્યનિષ્ઠા ખરું જોતાં કેળવવી પડતી નથી. સમાજ અને ખાસ કરીને મા-બાપો બાળમાં અસત્ય નિષ્ઠા ઉપજાવે છે. કેળવે છે. એ અસત્યનિષ્ઠા દૃઢમૂળ થવા પછી જ્યારે માણસ પસ્તાય છે. ત્યારે માણસને મૂળ સ્વાભાવિક સ્થિતિ પર આવવા પ્રયત્ન કરવો પડે છે. અસત્ય નિષ્ઠા ઉતારવાનો એમાં જો એ ફાળો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે. કેમ કે એ પહેલેથી ત્યાં હતી જ, નાના બાળકો જેવું જુએ છે, સમજે છે. તેવું સીધેસીધું પોતાને આવડે તેવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતા અગવડરૂપ ગણાય ત્યાં એ મૂંઝાય છે, કેટલાંક બાળકો તો મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું તે સુઝતું નથી - અરે સત્યની માગણી થાય ત્યારે મૂંગા બેસી રહેવું ને બચી જવું એ પણ એમને માટે અશક્ય છે. કોઈ માંત્રિક મંત્ર બોલેને આપ લાચારીથી દરમાંથી બહાર આવે, કમને પણ બહાર આવ્યા વિના રહે જ નહી, તેવી રીતે માણસ સત્યની માગણી આગળ સ્વાભાવિક રીતે મંત્રમુગ્ધ થઈ જેમ તેમ સત્યનો એકાકાર કરી બેસે છે એ બળ છે, સત્યનું.

## વિભાગ - ડ

૭૩. તમારા વિસ્તારમાં પીવાના પાણીની તીવ્ર અછત ઊભી થઈ છે. તે અંગે જરૂર સહાય માટે વિનંતી કરતી એક અરજી ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીને ઉદ્દેશીને લખો. (૦૫)

**નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૨૦૦ થી ૨૫૦ શબ્દોમાં આપેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નિબંધ લખો.** (૧૦)

૭૪. **જીવનમાં રમત-ગમતનું સ્થાન**

પ્રસ્તાવના - રમતગતમ સહજ - તેમજ સ્વાભાવિક રમતગમતથી સ્વાસ્થ્યની જાળવણી - રમતગમત ની મન પર અસર - રમતગમત વડે સ્થાપાતાં આંતરરાષ્ટ્રીય સૌહાર્દ અને વિશ્વશાંતિ - ઉપસંહાર.

**અથવા ભ્રષ્ટાચાર ભગાવો ભારત બચાવો**

પ્રસ્તાવના - ભ્રષ્ટાચારના ક્ષેત્રો - ભ્રષ્ટાચારીઓ અને અધમ કૃત્યો - ભ્રષ્ટાચાર આવવાનાં કારણો - ભ્રષ્ટાચાર દૂર કરવાના ઉપાયો - ઉપસંહાર.

**અથવા યુવાનોનું કર્તવ્ય**

પ્રસ્તાવના - માનવી જ પોતાનો ભાગ્ય વિધાતા - પ્રારબ્ધવાદી વિચાર સરણી - પુરૂષાર્થવાદી વિચારસરણી - બન્ને વચ્ચે સંઘર્ષ અને સમન્વય - પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું - ઉપસંહાર.

**નીચે આપેલી પંક્તિઓનો અર્થ-વિસ્તાર (વિચાર-વિસ્તાર) આશરે ૧૦૦ શબ્દોમાં લખો.** (૦૫)

૭૫. મનુષ્યના કર્મની કાલિમાને
ધોવા સર્મથ લઘું અશ્રુબિંદુ.

**૭૬. નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ફરીથી ગદ્યખંડ લખો.** (૦૫)

કેચ ગુમાવ્યોં, કેચ ગુમાવ્યો હું એમ પૂછું છું કે આવાઓને ટેસ્ટની ટીમમાં લેતા શા માટે હશે. ના ના ક્રિકેટ ના આવડતું હોય તો શેરીમાં જઈને ગિલ્લી દંડા રમો. ગિલ્લીદંડા અહી શું કામ છે. તમારું એ ટી.વી. સામે જોઈને વાણી પ્રવાહ વહેવડાવી રહ્યા હોય. ક્રિકેટના મેદાન પર શું છે. તમારું શા માટે ટીમની આબરૂ ખરાબ કરવા બેઠા છે - રમતા નથી આવડતું તો ક્રિકેટ રમવા શું કામ આવો છો ?

●●●